# બૃહદ ગુજરાત સંગીત સમિતિ

(સરકાર માન્ય)

(ગાંધર્વ મહાવિદ્યાલય ટ્રસ્ટ, અમદાવાદ [રજિ. અને સરકાર માન્ય] સંચાલિત)

૩જો માળ, 'આકાર-૨' , ૧૫, કલ્પના સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯. ફોન : ૦૭૯-૨૬૫૬ ૨૯૧૭

**Web site : www.gandharvabruhad.org**

તા. ૧૪-૯-૨૦૧૪

## અભ્યાસક્રમ / SYLLABUS

ગાંધર્વ મહાવિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત બૃહદ ગુજરાત સંગીત સમિતિમાં હાલમાં ઓક્ટોબર-૨૦૦૮ ના નવા સુધારેલ અભ્યાસક્રમ પ્રમાણે સંગીત પ્રારંભિકથી સંગીત પ્રવીણ સુધીની ગાયન-વાદન-નૃત્યની ક્રિયાત્મક (મૌખિક) તેમજ શાસ્ત્ર (લેખિત)ની પરીક્ષાઓ લેવામાં આવે છે.

ઉપરોક્ત અભ્યાસક્રમમાં ગાયન-વાદન-નૃત્ય પૈકી કેટલાક વિષયોમાં, કેટલાક પરીક્ષા વર્ષોના અભ્યાસક્રમમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. જે પૈકી,

(૧) હાર્મોનિયમ વાદનમાં સંગીત પ્રારંભિકથી સંગીત અલંકાર સુધીના ક્રિયાત્મક (મૌખિક) અભ્યાસક્રમમાં, તાજેતરમાં સંગીત વિદ્વાનોએ કેટલાક ફેરફારો સૂચવ્યા છે, જેનો અમલ ઓક્ટોબર-૨૦૧૫ના પરીક્ષાસત્રથી કરવામાં આવશે. જો કે હાર્મોનિયમ વાદનમાં સંગીત પ્રારંભિકથી સંગીત અલંકાર સુધીના પ્રવર્તમાન શાસ્ત્ર (લેખિત)ના અભ્યાસક્રમમાં કોઈ જ ફેરફાર નથી. તે ઓક્ટોબર-૨૦૦૮ના નવા સુધારેલ અભ્યાસક્રમ પ્રમાણે જ યથાવત રહેશે. જેની દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તેમજ ગુરૂજનોને નોંધ લેવા ખાસ વિનંતી છે.

### હાર્મોનિયમવાદનના પ્રવર્તમાન ક્રિયાત્મક (મૌખિક) અભ્યાસક્રમમાં જે તે પરીક્ષાવર્ષ મુજબ કરેલ ફેરફારો નીચે વિગતે દર્શાવેલ છે.

- **પ્રારંભિક (હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમકાળી-૧ અથવા કાળી-૪ પૈકી કોઈ પણ એક સ્કેલથી અથવા વિદ્યાર્થીને અનુકૂળ હોય તેવા કોઈ પણ એક સ્કેલથી વગાડતા આવડવો જોઈશે.

- **પ્રવેશિકા પ્રથમ(હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ કાળી-૧ અથવા કાળી-૪ પૈકી કોઈ પણ એક સ્કેલથી અથવા વિદ્યાર્થીને અનુકૂળ હોય તેવા કોઈ પણ એક સ્કેલથી વગાડતા આવડવો જોઈશે.

(૨) પ્રારંભિક તેમજ આ વર્ષના બધા જ અલંકારો કાળી-૧ તથા કાળી-૪ એમબંને સ્કેલથી અથવા વિદ્યાર્થીને અનુકૂળ હોય તેવા કોઈ પણ એક સ્કેલથી તેમજ તે સિવાયના અન્ય એક સ્કેલથી એમબંને સ્કેલથી વગાડતા આવડવા જોઈશે.

(૩) અગાઉના વર્ષોનું હાર્મોનિયમવાદન પણ પૂછી શકાશે.

- **પ્રવેશિકા પૂર્ણ (હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ કાળી-૧ અથવા કાળી-૪ પૈકી કોઈ પણ એક સ્કેલથી અથવા વિદ્યાર્થીને અનુકૂળ હોય તેવા કોઈ પણ એક સ્કેલથી વગાડતા આવડવો જોઈશે.

(૨) પ્રારંભિકથી આ વર્ષ સુધીના બધા જ અલંકારો કાળી-૧ તથા કાળી-૪ એમબંને સ્કેલથી અથવા વિદ્યાર્થીને અનૂકુળ હોય તેવા કોઈ પણ એક સ્કેલથી તેમજ તે સિવાયના અન્ય એક સ્કેલથી એમબંને સ્કેલથી વગાડતા આવડવા જોઈશે.

(૩) આ વર્ષના રાગો પૈકી કોઈ પણ બે રાગોમાં એક-એક સ્વરમાલિકા તેમજ તે સિવાયના અન્ય બે રાગોમાં એક-એક છોટાખ્યાલની બંદિશ કાળી-૧ તથા કાળી-૪ એમબંને સ્કેલથી અથવા વિદ્યાર્થીને અનુકૂળ હોય તેવા કોઈ પણ એક સ્કેલથી તેમજ તે સિવાયના અન્ય એક સ્કેલથી એમ બંને સ્કેલથી વગાડતા આવડવી જોઈશે.

(૪) અગાઉના વર્ષોનું હાર્મોનિયમવાદન પણ પૂછી શકાશે.

- **મધ્યમા પ્રથમ(હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ કાળી-૧ તથા કાળી-૪ એમબંને સ્કેલથી વગાડતા આવડવો જોઈશે.

(૨) વિશેષમાં આ વર્ષના બડાખ્યાલના રાગો પૈકી કોઈ પણ બે રાગોમાં બડાખ્યાલની માત્ર એક-એક બંદિશ વિલંબિત લયમાં કાળી-૫ તથા સફેદ-૧ એમબંને સ્કેલથી વગાડતા આવડવી જોઈશે.

(૩) અગાઉના વર્ષોનું હાર્મોનિયમવાદન પણ પૂછી શકાશે.

- **મધ્યમા પૂર્ણ (હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ કાળી-૧ તથા કાળી-૪ એમબંને સ્કેલથી વગાડતા આવડવો જોઈશે.

(૨) વિશેષમાં આ વર્ષના બડાખ્યાલના રાગો પૈકી કોઈ પણ ત્રણ રાગોમાં બડાખ્યાલની માત્ર એક-એક બંદિશ વિલંબિત લયમાં તેના આલાપ-તાન સહિત કાળી-૫ તથા સફેદ-૧ એમબંને સ્કેલથી વગાડતા આવડવી જોઈશે.

(૩) અગાઉના વર્ષોનું હાર્મોનિયમ વાદન પણ પૂછી શકાશે.

● **ઉપાન્ત્ય વિશારદ (હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ કાળી-૧, કાળી-૪, કાળી-૫ તથા સફેદ-૧ એમ ચારેય સ્કેલથી વગાડતા આવડવો જોઈશે.
(૨) વિશેષમાં હાર્મોનિયમ વાદનમાં ધમણના યોગ્ય પ્રયોગ દ્વારા મીંડ, કણ, સ્પર્શ વગેરે થકી અભ્યાસક્રમના અત્યાર સુધીના બધા જ રાગોમાં યોગ્ય રસભાવ પેદા કરવાની ક્ષમતા હોવી જોઈશે.
(૩) વધુમાં અભ્યાસક્રમના અત્યાર સુધીના બધા જ રાગોમાં કાળી-૧, કાળી-૪, કાળી-૫ તથા સફેદ-૧ એમચારેય સ્કેલથી સ્વતંત્ર તાનો વગાડવાની ફાવટ હોવી જોઈશે.
(૪) ગાયેલા સ્વરોને ઓળખીને તેને હાર્મોનિયમપર વગાડી બતાવવાની ક્ષમતા હોવી જોઈશે.
(૫) અગાઉના વર્ષોનું હાર્મોનિયમવાદન પણ પૂછી શકાશે.

● **વિશારદ (હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ કાળી-૧, કાળી-૪, કાળી-૫ તથા સફેદ-૧ એમ ચારેય સ્કેલથી વગાડતા આવડવો જોઈશે.
(૨) વિશેષમાં હાર્મોનિયમ વાદનમાં ધમણના યોગ્ય પ્રયોગ દ્વારા મીંડ, કણ, સ્પર્શ વગેરે થકી અભ્યાસક્રમના અત્યાર સુધીના બધા જ રાગોમાં યોગ્ય રસભાવ પેદા કરવાની ક્ષમતા હોવી જોઈશે.
(૩) વધુમાં અભ્યાસક્રમના અત્યાર સુધીના બધા જ રાગોમાં કાળી-૧, કાળી-૪, કાળી-૫ તથા સફેદ-૧ એમ ચારેય સ્કેલથી રાગાંગને અનુરૂપ સ્વતંત્ર તાનો વગાડવાની ફાવટ હોવી જોઈશે.
(૪) તે જ રીતે સપ્તકના કોઈ પણ સ્વરથી (કોઈ પણ સ્કેલથી) લોકઢાળના તેમજ સુગમસંગીતના સરળ ગીતો સાથે સંગત કરવાની ક્ષમતા હોવી જોઈશે.
(૫) ગાયેલા સ્વરોને ઓળખીને તેને હાર્મોનિયમ પર વગાડી બતાવવાની ક્ષમતા હોવી જોઈશે.
(૬) અગાઉના વર્ષોનું હાર્મોનિયમ વાદન પણ પૂછી શકાશે.

● **અલંકાર પ્રથમ(હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ સપ્તકના કોઈ પણ સ્વરથી (કોઈ પણ સ્કેલથી) વગાડતા આવડવો જોઈશે.
(૨) વિશેષમાં હાર્મોનિયમ વાદનમાં ધમણના યોગ્ય પ્રયોગ દ્વારા મીંડ, કણ, સ્પર્શ વગેરે થકી અભ્યાસક્રમના અત્યાર સુધીના બધા જ રાગોમાં યોગ્ય રસભાવ પેદા કરવાની ક્ષમતા હોવી જોઈશે.
(૩) વધુમાં અભ્યાસક્રમના અત્યાર સુધીના બધા જ રાગોમાં સપ્તકના કોઈ પણ સ્વરથી (કોઈ પણ સ્કેલથી) રાગાંગને અનુરૂપ દ્રુત સ્વતંત્ર તાનો વગાડવાની ફાવટ હોવી જોઈશે.
(૪) વિશેષમાં સપ્તકના કોઈ પણ સ્વરથી (કોઈ પણ સ્કેલથી) શાસ્ત્રીય ગાયન સાથે સંગત કરવાની ક્ષમતા હોવી જોઈશે. તે જ રીતે લોકગીતો તથા સુગમસંગીતના જટિલ સ્વરબદ્ધ કરેલ ગીતો સાથે સંગત કરવાની ક્ષમતા હોવી જોઈશે.
(૫) ગાયેલા સ્વરોને ઓળખીને તેને હાર્મોનિયમ પર વગાડી બતાવવાની ક્ષમતા હોવી જોઈશે.
(૬) અગાઉના વર્ષોનું હાર્મોનિયમવાદન પણ પૂછી શકાશે.

● **અલંકાર પૂર્ણ (હાર્મોનિયમ) :**

(૧) આ વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ સપ્તકના કોઈ પણ સ્વરથી (કોઈ પણ સ્કેલથી) વગાડતા આવડવો જોઈશે.
(૨) વિશેષમાં હાર્મોનિયમ વાદનમાં ધમણના યોગ્ય પ્રયોગ દ્વારા મીંડ, કણ, સ્પર્શ વગેરે થકી અભ્યાસક્રમના અત્યાર સુધીના બધા જ રાગોમાં યોગ્ય રસભાવ પેદા કરવાની ક્ષમતા હોવી જોઈશે.
(૩) વધુમાં અભ્યાસક્રમના અત્યાર સુધીના બધા જ રાગોમાં સપ્તકના કોઈ પણ સ્વરથી (કોઈ પણ સ્કેલથી) રાગાંગને અનુરૂપ દ્રુત સ્વતંત્ર તાનો વગાડવાની ફાવટ હોવી જોઈશે.
(૪) વિશેષમાં સપ્તકના કોઈ પણ સ્વરથી (કોઈ પણ સ્કેલથી) શાસ્ત્રીય ગાયન સાથે સંગત કરવાની ક્ષમતા હોવી જોઈશે. તે જ રીતે લોકગીતો તથા સુગમ સંગીતના જટિલ સ્વરબદ્ધ કરેલ ગીતો સાથે સંગત કરવાની ક્ષમતા હોવી જોઈશે.
(૫) ગાયેલા સ્વરોને ઓળખીને તેને હાર્મોનિયમ પર વગાડી બતાવવાની ક્ષમતા હોવી જોઈશે.
(૬) અગાઉના વર્ષોનું હાર્મોનિયમ વાદન પણ પૂછી શકાશે.

● **પ્રવીણ (હાર્મોનિયમ) :**

હાર્મોનિયમએ સંગતનું વાદ્ય હોઈ સંગીત પ્રવીણ (હાર્મોનિયમ)ની પરીક્ષા ઓક્ટોબર-૨૦૧૫ના પરીક્ષાસત્રથી યોજવામાં આવશે નહિ તેમ નક્કી કરવામાં આવ્યું છે.


પંકજભાઈ પટેલ
પરીક્ષામંત્રીશ્રી
બૃહદ ગુજરાત સંગીત સમિતિ
અમદાવાદ

નીનાબેન ઠાકોર
મહામંત્રીશ્રી
બૃહદ ગુજરાત સંગીત સમિતિ
અમદાવાદ